શિક્ષકોની વધારે ઘટ ધરાવતા તાલુકાઓની
પ્રાથમિક શાળાઓ (ધોરણ- ૧ થી ૫) માં
વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવકમાંકઃપીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૦૧/૨૦૧૪

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ કમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૨૭/૪/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ કમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૩/૫/૨૦૧૨
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ કમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૧૮/૫/૨૦૧૨.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણાના તા.૨૨/૧૧/૨૦૧૩ ના રોજની સિંગલ ફાઇલ કમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/સી.ફા./૨૭/ક ઉપર કરાયેલ દરખાસ્ત

ઠરાવઃ

રાજ્યના કેટલાક તાલુકાઓની પ્રાથમિક શાળાઓ(ધોરણ- ૧ થી ૫)માં શિક્ષકોની વધારે ખાલી જગ્યાઓ હોવાના કારણે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શિક્ષણને વિપરિત અસર થાય છે. આવી વિપરીત અસર નિવારવા માટે તેમજ તે વિસ્તારના બાળકોની શૈક્ષણિક સુવિધા જળવાઈ રહે અને પી.ટી.સી./ડી.ઇએલ.ઇડી.( PTC./D.El.Ed.) ની લાયકાત ધરાવતા અને પ્રાથમિક વિભાગ માટેની શિક્ષણ યોગ્યતા કસોટી(TET) પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી આવા તાલુકાઓની પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૫)માં વિદ્યાસહાયકની ૨૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ (સંદર્ભ-૧ માં દર્શાવેલા) તથા વખતો-વખતના ઠરાવ અન્વયે પ્રાથમિક વિભાગ (ધોરણ- ૧ થી ૫) માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને નિમણૂંક આપવાની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે માત્ર નિયત તાલુકાઓમાં પી.ટી.સી./ ડી.ઇએલ.ઇડી. (PTC/D.El.Ed. ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ખાસ કિસ્સા તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩-૧૪ માટે જ આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબના તાલુકાઓ માટે વિદ્યાસહાયકની ૨૦૦૦ જગ્યાઓ નીચેની શરતોને આધિન ભરવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા પરિશિષ્ટ-અ માં દર્શાવેલ જિલ્લાના નિયત કરેલ તાલુકાની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા સંબંધીત જિલ્લા શિક્ષણ સમિતિ પાસેથી માંગણીપત્રકો મંગાવી જાહેરાત આપવાની રહેશે.

(૨) ઉપરોકત મંજુરી મુજબની ભરતીની જાહેરાત કે ભરતીની પ્રકિયા ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સી.એ.નં.૧૩૭૦૩/૨૦૧૩ ઇન સ્પે.સી.એ. નં. ૭૭૬૯/૨૦૧૨ માં તા.૨૭/૧૨/૨૦૧૩ ના

રોજ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઉપર આપેલ મનાઇ હુકમ દૂર થયા બાદ જ હાથ ધરવાની રહેશે.

(૩) આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઇચ્છતા ઉમેદવારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે તાલુકામાં નિમણૂંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાતમાં તથા નિમણૂંકના હુકમમાં આ શરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ક તથા તે પછીના વખતો-વખતના બદલી અંગેના ઠરાવ અન્વયે જિલ્લાના અન્ય તાલુકામાં કે જિલ્લા ફેર બદલી માટે નિમણૂંકની તારીખથી ૧૦ (દસ)વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં.

(૫) વધુમાં શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવથી તેમજ તે અંગેના વખતો-વખતના સુધારાથી જે કઇ શરતો/નિયમો નકકી થાય તે આ ઉમેદવારોને લાગુ પડશે.

(૬) વધુમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ જગાઓ પર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જિલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું.

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા શિક્ષકની નિમણૂંક આપવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગાઓ ખાલી હોય તેવી શાળાઓમાં પ્રથમ નિમણૂંકો આપવી

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નાણા વિભાગની તા.૩/૧૨/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(અનંત પટેલ)
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર